
ઓક્ટોબર – ૨૦૨૦
અંક – ૨૮

# અરુણોદય




## સંપાદકીય બોર્ડ

- બી.કે. મહતો
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા

- તંત્રી સ્થાનેથી
- જીવન
- "દિકરી"- "આજની સ્વાર્થની દુનિયાનું અણમોલ રતન"
- બેટી દિવસ - Daughter's Day
- કોરોના નવરાત્રિ
- "કોરોના પછીના જીવનકાળમાં શું કરવું અને શું ન કરવું"
- " જન્મદિન વંદન બાપુ તમને અભિનંદન "
- ચાલો જાણીએ.......
- મારી નિવૃતિ , મારી કવિતા
- શાળા ની પ્રવૃતિઓ

:: તંત્રી ::
પી.ટી. પઢેરીયા

ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ – બહેનો , શિક્ષકમિત્રો તથા વિધાર્થીઓ. સૌને સાદર વંદન "અરૂણોદય" ઓકટોબર -૨૦૨૦ અંક-૨૮ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ – ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

આ અંકમાં જુદા – જુદા લેખો તથા આપણી શ્રી એસ.કે.વી વિધાલય માં દર માસે થતી પ્રવૃતિઓની ઝલક છેલ્લે ફોટોગ્રાફ દ્વારા દર્શાવેલ છે.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇ પણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

## જીવન



શ્રીમતી અસ્મીતાબેન એચ. ત્રિવેદી
પ્રાથમિ શિક્ષક

અણધારેલું થાય અને ધારેલું જોખમાય એ જીવન,
સપનાઓનાં રંગોમાં હકીકત ભેળવાય એ જીવન.

ઈચ્છાથી કંઈક અલગ થાય એ જીવન,
એ અલગમાં પણ આનંદ મેળવાય એ જીવન.

હાસ્યથી છલકાઇને છવાઈ જાય એ જીવન,
અશ્રુઓનાં કડવા ઘુંટ પીવાઈ જાય એ જીવન.

ના ધારેલી પરિસ્થિતિ સર્જાઈ જાય એ જીવન,
એ સ્થિતિને અનુકૂળ બનાવી જાય એ જીવન.

શૂન્ય માંથી સર્જન કરી જાય એ જીવન,
શિશુ માંથી યુવાન બનાવી જાય એ જીવન.

યુવાનીનાં રંગોમાં રંગાઈ જાય એ જીવન,
વૃધ્ધાવસ્થામાં જે સમજાઈ જાય એ જીવન.

શાણપણ સૌને શિખવાડી જાય એ જીવન,
લાગણીનાં સંબંધો અનુભવાઈ જાય એ જીવન.

જાણે – અજાણે જીવાઈ જાય એ જીવન,
અને પળમાં જ જે બુઝાઈ જાય.... એ જીવન !



# "દિકરી" - "આજની સ્વાર્થની દુનિયાનું અણમોલ રતન"




આર.જી. સોલંકી
પ્રાથમિ શિક્ષક(અંગ્રેજી માધ્યમ)


"બાપને વ્હાલી દીકરી, દીકરીને વ્હાલું કુળ,
આજની સ્વાર્થની દુનિયામાં દીકરી એ પ્રેમનું મૂળ".

માનવ જીવન એ કુદરતે આપેલ અણમોલ ભેટ છે. માનવ જીવન ની અંદર પ્રેરણાનું અને પ્રેમનું સ્ફુરતું એક ધબકાર એટલે દીકરી. કહેવાય છે કે ભગવાને આ દુનિયાની રચના કરી અને ક્યારેક કે કોઇ જગ્યાએ પહોંચી ન શકે તે માટે એ જગ્યાની પૂરતી કરવા માટે'માં' નું સર્જન કર્યું અને એટલે જ કહેવાય છે કે "મા તે મા અને બીજા બધા વગડાના વા". મા એ તેના સંતાનને હંમેશા કંઇક આપવુ હોય છે પછી તે સંસ્કારની વાત હોય કે પછી ખોરાકની. મારી દષ્ટિએ મા એ મમતાની મૂર્તિ છે, પિતા વાત્સલ્ય મૂર્તિ છે, પરંતુ દીકરી એ દયાની મૂર્તિ છે. એ મમતા છોડીને પતિગૃહે જાય છે. એના વાત્સલ્યનું સ્થાન પણ બદલાતું હોય છે. પરંત એનં દયાપણું અકબંધ રહે છે પરંતુ પિતા તરફની તેની દયા, મારા અનુભવમાં ખૂબ જ વિશેષ હોય છે.

"આકાશની શોભા સિતારાથી હોય છે, નદીની શોભા કિનારાથી હોય છે
ફૂલોની શોભા સુગંધથી હોય છે અને ઘરની શોભા "દીકરી" થી હોય છે."

દીકરી એટલે કદી ' ડિલિટ ' ન થતી ને સદા ' રિફ્રેશ ' રહેતી લાગણી. દીકરી જન્મે છે ને ઘરના આંગણે જાણે કોમળ કિરણોની કોમળતા અવતરે છે. આપણી જીવવાની ઝંખનાને પ્રજ્જ્વલિત રાખતી જ્યોત એટલે દીકરી

દીકરી કેજીમાં ભણતી હોય કે કોલેજમાં ભણતી હોય, કુવારી હોય કે પરણેલી હોય પણ માં બાપ માટે દીકરી સદાય દીકરી જ રહે છે. બાળપણમાં દીકરી ભલે તોફાન મસ્તી કરતી હોય પણ જ્યારે યુવાન બને છે ત્યારે ગંભીરતા ધારણ કરી લેતી હોય છે. લગ્ન પછી જ્યારે દીકરી સાસરે જાય છે ત્યારે સાસરીયાઓ એમ પુછે છે કે વહુ કરિયાવરમાં શું – શું લાવી છે ? પરંતુ એ નથી સમજતા કે વહુ વહાલના દરિયા જેવા માં - બાપ, ઘર , પરિવાર , ગામ..... આ બધુ જ છોડીને તમારા હદય ને જીતી લેવા માટે આવી છે. જ્યારે આ વાતનો સમાજ સ્વીકાર કરે છે ત્યારે દીકરીના જીવનમાં સુગંધ આવી જાય છે. નવી વહુનું સાસરીયામાં આવવુ એ નવા બાળકનો જન્મ થયા બરાબર છે. અત્યાર સુધી એ પિતાના ઘરે હતી ત્યાં સુધી કશી ચિંતા ન હતી, પરંતુ સાસરીયામાં ફરીથી ચાલતા શિખવું પડે છે.

દીકરી પિતા માટે એક ધબકાર છે. જીવનમાં કદી ન રડનાર પુરુષ પણ એક બાપ તરીકે જ્યારે પોતાની દીકરીને વિદાય આપે છે ત્યારે ચોધાર આંસુંએ રડે છે. ઈશ્વરને એજ પ્રાર્થના કે કોઇ પણ દીકરીને પિતાથી એટલી દૂર ના મોક્લતા કે શિયાળાની કાતિલ ઠંડી હોય કે ચોમાસાની મેઘલી રાત હોય અને પિતાના છેલ્લા શ્વાસ હોય ત્યારે દીકરી પિતાને ચમચી પાણી ન પિવડાવી શકે .

" પિતાનો અહ્લાદક પ્રેમ અને માતાનું નિર્મલ વ્હાલ,
આ ભેગું થાય અને આકાશમાં ચડે ને તેની વાદળી
બંધાય અને ધોધમાર વરસે, એનુ નામ દિકરી "

એક સમય એવો પણ હતો જ્યાં દીકરીને જન્મની સાથે જ દૂધ પીતી કરવામાં આવતી. તેને ઘરની બહાર જવાની પરવાનગી પણ નહોતી. તેને ભણાવવા માં આવતી નહોતી . તેને નાની ઉંમરે પરણાવી દેવામાં આવતી પરંતુ આજનો ૨૧ મી સદીનો સમાજ સમજદાર થયો છે. પોતાના સમાજની ચિંતા કર્યા વિના પોતાની દીકરી ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ મૂકતાં ગભરાતો નથી. આજે આપણા દેશના દરેલ ક્ષેત્રમાં સ્ત્રીઓ જોવા મળે છે. તેમના સાહસ , વીરતાના અનેક દાખલાઓ જોવા મળે છે. હજુય ક્યાંક સમાજમાં દીકરીઓ પ્રત્યે અણગમો જોવા મળે છે, પરંતુ એ સમાજમાં ખૂબ થોડાક અંશે રહેલો છે એટલે કહેવાય છે કે દીકરી ઘરની દિવડી , જ્યાં હોય ત્યાં હાસ્ય , ઉલ્લાસ અને ઉત્સાહનો ઉજાશ પાથરી દે છે ......

દીકરી તમારી એવી પુંજી છે કે જેને તમે ભલે પારકી થાપણ માનતા હોય પણ તે ક્યારેય પોતાના મા – બાપનો પ્રેમ અને તેના કર્તવ્ય પ્રત્યેનું ભાન ભૂલતી નથી. તેની અંદર એટલી આત્મીયતા અને એટલું સાહસ હોય છે કે તે પરણ્યા પછી પણ જો ગરજ પડે તો સાસરીયા સાથે પોતાના માતા – પિતાને પણ સાચવી શકે છે.

એટલે જ કહુ છુ કે,

" દીકરી છે તુલસીનો ક્યારો નહિ એ સાપનો ભારો" . ખરેખર દીકરી એ કુદરતે માનવ જીવનને આપેલ અણમોલ રતન છે.

" આ લેખ મારી બંને દીકરી શ્રેયા અને ધ્રુવાને સમર્પિત"




કે.કે.પટેલ
પ્રાથમિ શિક્ષક(અંગ્રેજી માધ્યમ)


## बेटी दिवस - *Daughter's Day*



बेटी का हर रूप सुहाना, प्यार भरे हृदय का,
ना कोई ठिकाना, ना कोई ठिकाना.
ममता का आँचल ओढे, हर रूप में पाया,
नया तराना, नया तराना.
जीवन की हर कठिनाई को, हसते-हसते सह
जाना, सीखा है ना जाने कहाँ से उसने,
अपमान के हर खूँट को, मुस्कुराकर पीते
जाना, मुस्कुराकर पीते जाना.
क्यों न हो फिर तकलीफ भंयकर, सीखा नहीं
कभी टूटकर हारना जमाने की जंजीरों में
जकड़े हुये, सीखा है सिर्फ उसने, आगे-आगे
बढ़ते जाना, आगे-आगे बढते जाना.
बेटी का हर रूप सुहाना, प्यार भरे हृदय का,
ना कोई ठिकाना, ना कोई ठिकाना.


- वन्दना शर्मा



## કોરોના નવરાત્રિ




બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

અંબા અભયપદ દાયની રે
કોરોના એ દીધો ત્રાસ ભીડ ભંજની
મારે તમારો આસરો રે
મુજથી એ કેમ ખમાય ભીડ ભંજની
સોશિયલ ડિસ્ટન્સ રાખજો રે
પછી રમજો તમે રાસ ભીડ ભંજની
મેચિંગ માસ્ક તમે બાંધજો રે
ધોજો સાબુથી હાથ ભીડ ભંજની
કોરોના કોરોના કરોના
ગાઈડલાઈન નું કરજો પાલન ભીડ ભંજની
વાત બધી તમે માનજો રે
થાસે તમારું કલ્યાણ ભીડ ભંજની
વાત વધુ પછી પૂછજો રે
ઘરે કરજો સ્થાપન ભીડ ભંજની





# "કોરોના પછીના જીવનકાળમાં શું કરવું અને શું ન કરવું"





શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.


(૧) હાથને અંદાજે ૨૫ થી ૩૦ સેકન્ડ સાબુથી ધોયા પછી જ મોઢા કે નાક ને સ્પર્શ કરવો.
(૨) હાથથી હાથ મિલાવવા નહિ પરંતુ ભારતીય સંસ્કૃતિ મુજબ નમસ્કાર કરીએ.
(૩) વ્યકિત વ્યકિત વચ્ચે બેઠક વ્યવસ્થામાં અંતર રાખીએ પરંતુ સામાજિક અંતર ન રાખવું.
(૪) હાથ અને મોઢાની સ્વચ્છતાની ટેવ પાડીએ.
(૫) બિન જરૂરી ભેગા મળીને કરવાનું કાર્ય કે ટોળાશાહીને ટાળવી.
(૬) ઘરની બાહર નીકળતા કે ઓફીસમાં કોઇને મળવાનું થાય ત્યારે માસ્ક ફરજિયાતપણે પહેરીએ.



(૭) સંક્રમણથી બચવાનો પ્રયત્ન કરીએ.
(૮) કોરોના વિશેનો ભય મનમાંથી દુર કરીએ.
(૯) કોરોના સામેના સંઘર્ષને જીવનમાં મજબૂત બનાવીએ.
(૧૦) કોરોનાકાળ કે અન્ય સમયે સંગ્રહ કરવાની લાલચનો ત્યાગ કરીએ.
(૧૧) કોરોના પણ અન્ય રોગોની જેમ મટી શકે છે જેથી મનમાંથી કોરોનાના ડરને ભગાડીએ.
(૧૨) કોરોના સામે લડવા માટે શરીરમાં રોગ પ્રતિકારક શકિત વધે તેવા પ્રયાસ કરીએ – જેમ કે દરરોજ વ્યાયામ , સવાર – સાંજ ૨૫ થી ૩૦ મિનિટ ચાલવું , બહારના ખોરાક ત્યાગ , પૌષ્ટિક ખોરાક લેવો અને નિયમિત ઉકાળાનું સેવન કરવું.
(૧૩) કોરોના મહામારીનો એસ.એમ.એસ. છે – S – Social Distancing , M- Mask , S- Sanitizer.
(૧૪) કોરોનાનો ટેસ્ટ કરાવવામાં ગભરાવું નહિ અને જરૂર જણાય કે હેલ્થ વિભાગ દ્વારા કહેવામાં આવે ત્યારે કોરોનાટેસ્ટ કરાવીએ.

**એક કવિએ કહેલ છે કે**

" અમને નાખો જિંદગીની આગમાં , આગને પણ ફેરવી નાખીશું બાગમાં , સર કરીશુંઆખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં ! "



# " જન્મદિન વંદન બાપુ તમને અભિનંદન "



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

પૂ.બાપુ ,

નજીકના દિવસોમાં જ (૨જી ઓક્ટો.) આવી રહેલા આપના જન્મદિન ને યાદ કરીને તમને અમે ભારતીયો વંદન કરીએ છીએ. ભારતીય ભૂમિ પર આપનું અવતરણ એ અમ ભારતીયોનું ગૌરવ છે.

આ ધરતી પરથી આપની વિદાયને સાત સાત દાયકા ભલે થઇ ગયા છતાં એક દિવસ પણ એવો નહી ગયો હોય કે દેશના લાખો વર્ગખંડોમાં , પ્રાર્થનાઓમાં , પ્રવચનોમાં , જાહેર સભાઓમાં , પરિસંવાદો કે ચર્ચા સભાઓમાં આપનું નામ લેવાતું ન હોય. ચલણી સિકકા જેવું આપનું નામ જગવિખ્યાત થઈ ગયું . સન્માન કરવા માટે કે અપમાન કરવા માટે , ચાહવા કે ધિક્કારવા માટે બાપુ તમે સવિશેષ હાથવગા છો.

વર્તમાન વિશ્વમાં આપની પ્રસ્તુતતા વિશે વિશ્વના વિચારકો અને કર્મશીલોને લેશમાત્ર શંકા નથી. કટ્ટર વિરોધીને પણ મિત્ર જાણવો અને તેના પ્રત્યે અપાર કરુણા દાખવવાના તમારા સદ્‌ગુણનો સામનો કોઇ ક્યારેય કરી શકવાનું નથી.

પૂ.બાપુ .. શોષણમુક્ત , સ્વાવલંબી , સમભાવ , શ્રમનું ગૌરવ કરતી કેળવણી આપતું બિન સાંપ્રદાયિક રાષ્ટ્રનું આપનું જે સ્વપ્ન હતું તે સાકાર થવા માટે ખબર નહિ હજુ કેટલા વર્ષો લાગશે ? અસ્પૃશ્યતા નિવારણ માટે તમે જાત ઘસી નાખી પણ પાંચ હજાર વર્ષ જૂના જડ સંસ્કારો ની શુધ્ધિ હજી ઘણાં બલિદાનો માંગે છે.

બાપુ, સવાસો વર્ષ પહેલાં તમને ' કાળા ' જાણીને દક્ષિણ આફ્રિકામાં ટ્રેનના પ્રથમ વર્ગના ડબ્બા માંથી અપમાન કરી ઊતારી દેવામાં આવ્યા – એ ભેદભાવ સામે તમેં ખુમારીથી લડયા જ્યારે ' અમેં ગુજરાતી ' હોવાની અસ્મિતાનો ચીપિયો પછાડનારા અમેં દરેક મનુષ્યનું ગૌરવ જાળવવામાં ઘણી વખત પાછા પડીએ છીએ. સાચું કહું : બાપુ, તમારા આદર્શોને મૂર્તિમંત કરવા એ આમ આદમી માટે એટલું સહેલું નથી.

બાપુ, સમય સમયનું કામ કરે છે. કાળના પ્રવાહ માં કંઇક માણસોના પગલાં ધોવાઇ ગયા છે. સમ્રાટો અને સિકંદરો આ ધરતી પરથી પસાર થઇ ગયા છે. પણ આપનું જીવન કાર્ય , વિચાર – આચારમાં સંપૂર્ણ અભેદ , સર્વથા સૌને માટે પ્રેરક રહેશે. કારણકે જીવન મૂલ્યો શાશ્વત હોય છે. જમાને જમાને તંત્ર બદલાશે પણ તત્વ તો એ જ રહેશે. દરેક મનુષ્ય માટે તમેં આજે પણ પથદર્શક છો. પ્રદુષણના ગંભીર જોખમો સામે , યુધ્ધખોર માનસિકતા સામે આપ વિશ્વના વિસામાં તરીકે પ્રસ્તુત છો અને રહેશો. આપની શાશ્વત ચેતનાને ફરી કોટિ કોટિ વંદન.

# ચાલો જાણીએ.......



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

વિશ્વમાં કંઇ કેટલીયે બાબતો એવી હોય છે કે જેનાથી આપણે અજ્ઞાત હોઇએ છીએ. કહેવાય જનરલ નોલેજ પરંતુ તેની અસામાન્યતાથી આપણે વાકેફ હોતા નથી , એવું કેટલુયે અચરજ આપણે અનુભવતા હોઇએ છીએ પરંતુ તેની પાછળનું **વૈજ્ઞાનિક , આધ્યાત્મિક , રાસાયણિક , શારીરિક , માનસિક , ભૌગોલિક** તથ્યની આપણને સચોટ ખબર હોતી નથી . ચાલો એવા એકાદ બે અચરજ વિશે જાણીએ...







**-> મીઠાઇ કે ગળી વસ્તુ ખાધા પછી ચા મોળી કેમ લાગે છે?**

માણસની જીભ ચોક્કસ પ્રકારનો સ્વાદ પારખતી વખતે જીવંત બેટરીનું કાર્ય બજાવે છે. એકેય વસ્તુને પોતાનો સ્વાદ હોતો નથી. વિવિધ જાતના સ્વાદ પારખવા માટે જીભ પર વિવિધ પ્રકારની સ્વાદ ગ્રંથીઓ છે. ધારોકે મિઠાઇના રેણુ મીઠો સ્વાદ પારખતી ગ્રંથીમાં પ્રવેશે એટલે ત્યાંના સ્વાદ કોષો તેમને બંધબેસતા માપના રેણુ તરીકે ઓળખી કાઢે. બીજી જ ક્ષણે તેઓ મગજને એ સ્વાદનો મેસેજ રવાના કરે . **સ્વાદ પારખવાનું કામ અંતે તો મગજનું જ છે.** મગજ પોતાનો બધો જ સંદેશા વ્યવહાર વિધુતપ્રવાહ દ્વારા ચલાવે છે માટે સ્વાદ કોષો પણ આ મેસેજ કરંટ સ્વરૂપે મોકલે તો જ એ સંદેશા મગજ સુધી પહોંચે . મગજમાં એ કરંટ મીઠો સ્વાદ પારખી જાણતા જ્ઞાનકોષોને મળે છે અને **પુષ્કળ મીઠા સ્વાદને લીધે જીભના જ્ઞાનકોષો એકવાર મહત્તમ હદે ઉતેજીત થાય એટલે પછી તેના કરતાં ઓછા મીઠા ( ગળ્યા) સ્વાદને તેઓ ઉતેજીત કરી શકતા નથી** એટલે જ તો ચા ની મીઠાશ ને સ્વાદ કોષો ધ્યાન માં લેતા નથી એટલે મીઠી ચા પણ મોળી લાગે છે.





**-> સમુદ્રમાં મોતી શા માટે બને છે ?**

કાલુ નામની છીપ સમુદ્રમાં તળિયે હંમેશા પડી રહેતી હોય છે. ઉપરના તથા નીચેના ભાગમાં છીપ નું પડ ઢાલ જેવું મજબૂત અને કઠણ હોય છે. પરંતુ અંદરનો જીવ નરમ અને પોચો હોય છે. છીપની નાની અમથી ફાટ દ્વારા ક્યારેક રેતીના કણ અંદર ખૂંપી જાય છે ત્યારે કાલુ ને સખત બળતરા થવા લાગે છે. દુ:ખાવો ઓછો કરવા માટે તે ખાસ જાતના પ્રવાહી રસનું પડ આવા કણ ફરતે લપેટે છે. ટૂંક સમય પછી તે પ્રવાહી થીજે એટલે ગોળાકાર જેવું મોતી બને છે.

આવા બીજા કેટલાયે અચરજો કે અવનવી બાબતો ની વાતો આવતા અંકે કરીશું .....

# મારી નિવૃત્તિ , મારી કવિતા



વી.કે.સોલંકી
એસ.એમ.ઈ.ઓપરેટર
લિગ્નાઈટ પ્રોજેક્ટ ઉમરસર

માણસ બહુ મજાનો હતો.

અલવિદા દોસ્તો , હવે ક્યાં,મળીશું અને ક્યારે મળીશું કોને ખબર ?

પણ, યાદ કોઈ દિવસ આવે , તો કહેજો કે, માણસ બહુ મજાનો હતો.

દ્વાર ઉઘાડા જોઈ ને પહોચી ગયો હતો છેક તમારા દિલ સુધી !!

માફ કરજો મુશ્કેલી પડી હોય તો, એમાં પ્રશ્ન ક્યાં રજા નો હતો.

મિજબાનીઓમાં, મહેફીલોમાં કદાચ ખોટ મારી વરતાય પણ ખરી!

તો ચલાવી લેજો ,આમ પણ ક્યાં હુ જિંદગી આખી જલ્સા કરાવાનો હતો..

આવું અદભુત, માન સન્માન મેળવી ને ગદ ગદ થઇ જવાય છે,

થોડું ઓછું હોત તો ચાલત, હું ક્યાં માણસ કોઈ મોટા ગજાનો હતો.

હું ભૂલી જઈશ ,તમો પણ ભૂલી જશો ,દસ્તુર છે આ દુનિયાનો,

ક્યારેક મળી જાવ તો કહેજો ,દોસ્ત તું હતો તો એક ઝમાનો હતો

અટક્યું છે ક્યાં કોઈ નું, ને અટકશે પણ નહિ, કોઈ ના વગર !

ખાલી ખુરસી જુઓ તો કહેજો કે અહિયાં ખુશી નો ખજાનો હતો.

ક્યારેક ચમકી ઉઠું મોબાઇલ સ્ક્રીન પર તો ,થોડી વાત કરી લેજો,

રોંગનંબર કહી ને રાખી ના દેતા, કે કોલ કોઈ ફાલતુ બીજાનો હતો .

જો જો વળી કોઈ કહેતા નહિ કે ,ઝાડ ગયું ને જગ્યા થઇ !!!

આજે હું છું ,કાલે તમે પણ હશો ,અહિયાં થી કોણ છટકી જવાનો હતો.

વોટ્સેપ માં થી તો વિદ્રો કરી લેશો,પણ દિલમાંથી કેવી રીતે દુર કરશો ?

જરા ધીરજ તો ધરો મિત્રો, હું હમણાં ક્યાં દુનિયા છોડી જવાનો હતો.

જાણે-અજાણે દિલ દુભાવ્યું હોય કોઈ નું તો માફ કરજો,મિત્રો !

માણસ છું ,ભૂલ ને પાત્ર પણ છું મારો ગુન્હો ક્યાં સજાનો હતો .

અચાનક સમાચાર, આવે મૃત્યુના, તો બહુ શોક ના કરશો,

હું પણ સામાન્ય ઇન્સાન હતો,ફરીસ્તો ક્યાં કોઈ ખુદાનો હતો ,


# શાળા ની પ્રવૃત્તિઓ



શાળાના મા.શિક્ષક શ્રી એ.બી. દસાડીયા સાહેબનો વિદાય સમારંભ



વૃક્ષારોપણ





## સ્વાતંત્ર દિનની ઉજવણી









ઘરે રહી બાળકોએ સ્વાતંત્ર દિનની ઉજવણી કરી









તાપમાન ચકાસણી
તથા
સ્વચ્છતા જાગૃતિ
અભિયાન







